## ખનીજ અધિકારીના પીછો કરવાથી અકસ્માત: બેના મોત

**બે આદિવાસી**
યુવાનોના મોત,
મહિલા ગંભીર



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.16

છોટાઉદેપુર-જામલા રોડ પર વસેડી ગામ પાસે ગત રોજ એક હૃદયદ્રાવક અને ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ખાણ ખનીજ વિભાગના અધિકારીથી બચવા માટે બેફામ ગતિએ દોડતી એક પથ્થર ભરેલી ટ્રકે મોટરસાઈકલને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ ભયાનક અકસ્માતમાં બાઈક સવાર બે આશાસ્પદ આદિવાસી યુવાનોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. જ્યારે બાઈક પર સવાર અન્ય એક મહિલાને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેને સારવાર અર્થે ખસેડવામાં આવી છે. આ મામલે છોટાઉદેપુર પોલીસે ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સત્તાવાર વિગતો અનુસાર, આ અકસ્માત તારીખ ૧૬/૦૫/૨૦૨૬ના રોજ સવારના આશરે ૦૯:૦૦ વાગ્યાની આસપાસ મોજે વનાર જામલા રોડ વસેડી ગામે આવેલી ગંગા મિનરલ્સ કંપનીની સામે જાહેર રોડ ઉપર બન્યો હતો. ડોલોમાઈટ પથ્થર ભરીને જઈ રહેલી એક ટ્રક (જેનો રજીસ્ટ્રેશન નંબર GJ-07-X-8215 છે) શંકાસ્પદ જણાતા ખાણ ખનીજ વિભાગના અધિકારીએ તેનો પીછો શરૂ કર્યો હતો. અધિકારીની ગાડી પાછળ આવતી જોઈને ટ્રક ચાલક સમલાભાઈ શનીયાભાઈ રાઠવા (રહે. ઝેર ગામ, ગમન ફળીયા, તા.જિ. છોટાઉદેપુર) એ પકડાઈ જવાના ડરથી પોતાના વાહનની ગતિ બેફામ વધારી દીધી હતી. ટ્રક ચાલકે ગફલતભરી રીતે હંકારી સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો અને આગળ જતી હીરો કંપનીની સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઈકલ (નંબર GJ-34-R-6696) ને પાછળથી જોરદાર ટક્કર મારી હતી.ટ્રકનું ટાયર માથા પર ફરી વળતા મોત, પરિવારોમાં માતમટક્કર એટલી ભયાનક હતી કે બાઈક ચાલક અને પાછળ બેસેલા યુવાન રોડ પર પટકાયા હતા અને તેમના માથા પરથી ટ્રકનું ટાયર ફરી વળ્યું હતું.

અકસ્માતમાં જાન ગુમાવનાર બંને મૃતક યુવાનો કાછેલ (કાનાવાંટ) ગામના આંબલી ફળીયાના રહેવાસી હતા. જેમાં બાઈક ચાલક સંજયભાઈ ધાણકાભાઈ રાઠવા (ઉંમર વર્ષ ૨૨) અને પાછળ બેસેલા લીલેશભાઈ ભીમસીંગભાઈ રાઠવા (ઉંમર વર્ષ ૨૪) નો સમાવેશ થાય છે. આ અકસ્માતમાં બાઈક પર સવાર સાહેદ મહિલા રશ્મિકાબેન કયલાભાઈ રાઠવા (રહે. કાનાવાંટ, નિશાળ ફળીયા) ને પણ શરીરે ઓછીવત્તી અને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ ટ્રક ચાલક સમલાભાઈ રાઠવા પોતાની ટ્રક ઘટનાસ્થળે જ મૂકીને નાસી છૂટ્યો હતો. અકસ્માતની જાણ થતાં જ મોટી સંખ્યામાં સ્થાનિક ગ્રામજનો ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા અને બેફામ દોડતા ભારે વાહનો સામે ભારે રોષ ઠાલવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ છોટાઉદેપુર પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.મૃતક સંજયભાઈના પિતા ધાણકાભાઈ તેલીયાભાઈ રાઠવા (ઉંમર વર્ષ ૫૧) ની ફરિયાદના આધારે છોટાઉદેપુર પોલીસે ટ્રક ચાલક સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ ૨૭૯, ૧૨૫(એ), ૧૨૫(બી), ૧૦૫(૧) તથા એમ.વી.એક્ટ કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### જૂની પરમિશનના આધારે લાકડાની હેરાફેરી

## કરજણ પોલીસે શિનોરમાં ચાલતી ઘેરકાયદે લાકડાની હેરાફેરી ઝડપી



(પ્રતિનિધિ) કરજણ, તા.16

કરજણ પોલીસે તાલુકાના માંગલેજ નારેશ્વર રોડ ઉપર ધનોરા ગામ પાસે વડોદરાના તરસાલી જતા લાકડા ભરેલ પીકપ ગાડી રોકી તપાસ કરતા જૂની 29.1.26 ની મામલતદાની પરમિશન બતાવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી એક તરફ શિનોર તાલુકામાં લીલા વૃક્ષોનું સરેઆમ નિકંદન વળી રહયા અવાર નવાર સમાચારો પણ સામે આવ્યા છે ત્યારે જૂની પરમિશન ના આધારે લાકડાની હેરાફેરી ઝડપાતા તંત્ર સામે સવાલો ઉભા થઈ રહ્યા છે શિનોર તાલુકામાં મામલતદાર દ્વારા ખેડૂતોને હેરાન ગતિ કરવામાં આવેછે જેમાં ખેતરમાં માટી પુરાણ અને ખેતર પાસે સુકાયેલ જાળ કાપવામાં આવે તો મામલતદાર દંડ કરે છે જે બાબતની આજરોજ જિલ્લા સંકલનમાં ધારાસભ્ય દ્વારા રજુવાત પણ કરવામાં આવી છે ત્યારે બીજી તરફ લકડ ચોરોને જાને તંત્ર એ લીલા જાળ કપવા અને હેરાફેરી માટે છૂટોદોર આપ્યો હોય એવું દેખાઈ રહ્યું છે સાધલી થી લાકડા ભરી નીકળેલ ગાડી કરજણ વિસ્તારમાં જડપાય છે તો સુ શિનોરનું તંત્ર ઘોરનિદ્રા માણી રહ્યું છે એવા સમલો ઉભા થઈ રહ્યા છે પકડાયેલ લાકડા ભરેલ પીકપ ગાડીને કાર્યવાહી માટે કરજણ પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવી છે હવે જોવું રહ્યું કે એ આ ઘેર કાયદેસર લાકડાનો વેપાર કરતા વેપારીઓ સામે કેટલું જોર બતાવે છે એ જોવું રહ્યું.

## જબુગામ તળાવમાંથી માટી ખોદાઈ જતા પ્રજાપતિ સમાજનો ઉગ્ર વિરોધ

**જબુગામ** તળાવ
ખનન વિવાદ: પ્રજાપતિ
સમાજનું આવેદનપત્ર



(પ્રતિનિધિ) બોડેલી, તા.16

છોટાઉદેપુર જિલ્લામાં આવેલ જબુગામ ખાતે આવેલ તળાવમાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત તળાવને ઊંડું કરવા માટે ની કામગીરી હાથ ધરવામાં આવી હતી જ્યારે આ તળાવની માટી જબુગામ પ્રજાપતિ સમાજના લોકો માટીના વાસણો માટલા વગેરે બનાવી પોતાનો ગુજરાન ચલાવવા માટે ઉપયોગ કરતા હતા પરંતુ જબુગામ ગ્રામ પંચાયત દ્વારા આ તળાવ ઊંડું કરવા માટે ઠરાવ કરવામાં આવ્યો જેમાં પ્રજાપતિ સમાજ કાં તો ગામના લોકો ને ભેગા કરી ગ્રામસભા પણ ભરવામાં આવી ન હતી ફક્ત પંચાયત બોડી દ્વારા જ આ ઠરાવ કરવામાં આવ્યું હોવાના આક્ષેપો આજે લોકો દ્વારા કરવામાં આવી રહ્યા છે જેને લઈ જબુગામ ખાતે ખાસ કરીને પ્રજાપતિ સમાજ માં ઉગ્ર રોષ જોવા મળ્યો છે.

આ તળાવને ખોદીને તેમાંથી માટી નેશનલ હાઈવે ઓથોરિટી ના કોન્ટ્રાક્ટરને એટલે કે દ્વારકાધીશ હાઈવે પ્રાઈવેટ લિમિટેડ ને લઈ જવા માટે સિંચાઈ વિભાગ દ્વારા શરતોને આધીન મંજૂરી આપેલ છે જ્યારે સ્થળ ઉપર જોતા એવું લાગી રહ્યું છે કે ત્યાં સિંચાઈ વિભાગની વધુ પડતી શરતોનો ભંગ થયેલ છે છતાં પણ કોન્ટ્રાક્ટર દ્વારા મનમાની કરી ત્યાંથી પુષ્કળ પ્રમાણમાં માટીનો જથ્થો કાઢી લેવામાં આવ્યો છે.

## સયાજીપુરા APMC યાર્ડ ખાતે ખાતર ડીલર કોન્ફરન્સ યોજાઈ

પાદરા: વિશ્વની અગ્રણી સહકારી સંસ્થા કૃષક ભારતી કો. ઓપ. લિ. (કૃભકો) તેમજ ખેતીવાડી ખાતાના સંયુક્ત ઉપક્રમે તા.૧૨/૦૫/૨૦૨૬ના રોજ વડોદરા જિલ્લાના સબસિડિયુક્ત રાસાયણિક ખાતરના ડીલરો માટે સયાજીપુરા APMC યાર્ડ ખાતે "બેલેન્સ યુઝ ઓફ ફર્ટિલાઈઝર" વિષયક ડીલર કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન સતીષભાઈ પટેલ એ સંભાળ્યું હતું. જ્યારે વડોદરાના સહકારી અગ્રણી અને કૃભકોના RGB દિલીપભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કોન્ફરન્સમાં સંયુક્ત ખેતી નિયામક વડોદરા એમ. એમ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.તેમજ નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) ચિરાગભાઈ પટેલ એ ડીલરોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## ચોરીનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલતી પાદરા પોલીસ



(પ્રતિનિધિ) પાદરા, તા.16

પાદરા નગરના પધરાઈ ચોક વિસ્તારમાં થયેલી સોના-ચાંદીના દાગીનાની ચોરીનો ભેદ પાદરા પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી આરોપીની ધરપકડ કરી ચોરીમાં ગયેલ તમામ દાગીના કબજે કર્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પાદરા પોલીસ સ્ટેશન પાર્ટ-એ ખાતે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૩૦૫(એ) મુજબ ગુનો નોંધાયો હતો.

દરમિયાન કોઈ અજાણ્યા ઈસમ દ્વારા પધરાઈ ચોક વિસ્તારમાં આવેલ ફરીયાદીના ઘરેથી અંદાજે રૂ.૩,૬૨,૫૯૦ કિંમતના સોના-ચાંદીના અલગ અલગ દાગીનાની ચોરી કરવામાં આવી હતી. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખી પાદરા પોલીસ ઈન્સ્પેક્ટર પી.વી. ગોહિલ ના માર્ગદર્શન હેઠળ પોલીસની અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસે હ્યુમન સોર્સીસ, ટેક્નિકલ સોર્સીસ તથા ઘટનાસ્થળ આસપાસના સીસીટીવી કેમેરાઓના આધારે તપાસ કરતા ફરીયાદીના મિત્ર જ ચોરીમાં સંડોવાયેલ હોવાનું બહાર આવ્યું હતું.

તપાસ દરમિયાન હિતેશભાઈ ઉર્ફે ગઢવી ભુપતભાઈ દરજી (પરમાર) હાલ રહે. અક્ષર હાઈટ, તાજપુરા રોડ, પાદરા અને મૂળ અમરેલી જિલ્લાના મુંજીયાસર ગામના રહેવાસી હોવાનું સામે આવ્યું હતું.

## બાળકો માટે પાઈરેટ-થીમ આધારિત સમર એડવેન્ચરની શરૂઆત

વડોદરા : આ ઉનાળાની રજાઓને વધુ મસ્તીભરી બનાવવા ઈનોર્બિટ મોલ વડોદરાએ 15 મેથી 6 જૂન દરમિયાન ખાસ પાઈરેટ-થીમ આધારિત સમર એડવેન્ચરની શરૂઆત કરી છે. મોલના એટ્રીયમને રંગબેરંગી પાઈરેટ ઝોનમાં પરિવર્તિત કરવામાં આવ્યો છે, જ્યાં બાળકો માટે ગેમ્સ, વર્કશોપ્સ અને ઈન્ટરેક્ટિવ એક્ટિવિટીઝનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. આ આકર્ષણનું મુખ્ય કેન્દ્ર વિશાળ પાઈરેટ શિપ ઈન્સ્ટોલેશન છે, જેમાં બાળકો ચઢી શકે છે, ફરવા જઈ શકે છે અને યાદગાર તસવીરો ક્લિક કરી શકે છે. સમગ્ર સેટઅપ બાળકોને સમુદ્રી સાહસની અનોખી અનુભૂતિ કરાવે છે. આ ઉપરાંત, કેપ્ટન હૂક રિંગ ટોસ અને કેનનબોલ ટોસ જેવી મજેદાર ગેમ્સ પણ રાખવામાં આવી છે.

### ૧૯ વર્ષીય યુવાને ઝેરી દવા પી લેતા દમ તોડ્યો

## સાવલીમાં ૨૪ કલાકમાં ૪ના મોત: મંજુસરમાં બે શ્રમજીવીઓના મોત

(પ્રતિનિધિ) 456, તા.16

સાવલી તાલુકાના મંજુસર પોલીસ મથકની હદમાં આવતા બે અલગ અલગ વિસ્તારો માં જુદા જુદા બે બનાવો માં બે શ્રમજીવીઓના કરુણ મૃત્યુ નીપજ્યા છે આમ સાવલી તાલુકામાં છેલ્લા 24 કલાકમાં વિવિધ બનાવોમાં ચાર ઈસમોના મૃત્યુની ઘટનાઓ નોંધાવા પામી છે.

સાવલી તાલુકા મા છેલ્લા 24 કલાકમાં કુલ ચાર ઈસમોના વિવિધ બનાવોમાં મૃત્યુની ઘટના સામે આવી છે જેમાં ગતરોજ સાવલી નગરના મહેન્દ્રસિંહ રાઠોડે ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી જ્યારે બીજા બનાવમાં સાવલી સમલાયા રોડ પર ડમ્પરની અડફેટે સુનિલ વસાવા નામના યુવકનું મૃત્યુ થયુ હતું તેવામાં મંજુસર પોલીસ મથકની હદમાં આવેલા બે અલગ અલગ ગામો માં બે મૃત્યુ થતા કુલ ચાર બનાવો નોંધાવા પામ્યા છે. જેમાં પ્રથમ બનાવમાં જાનકીબેન લક્ષ્મણભાઈ વસાવા રહે દુમાડ ગામની સીમમાં તાજી વડોદરા એ પોતાની ફરિયાદમાં નોંધાવ્યું છે કે પોતે દુમાડ ગામની સીમમાં આવેલ સંજયભાઈ નરસિંહભાઈ પટેલ ના ખેતરમાં મજૂરી કામ કરે છે તેવામાં ગતરોજ તેમના પતિ લક્ષ્મણભાઈ દિપસિંહભાઈ નાયક મજૂરી કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક તેઓને ખેંચ આવી હતી જેના પગલે 108 દ્વારા સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના ડોક્ટરોએ મૃત જાહેર કર્યા છે.

## શિનોરમાં ૭૫ લાખનું હનીટ્રેપ કૌભાંડ: મહિલા સહિત ૩ ઝડપાયા



(પ્રતિનિધિ) શિનોર, તા.16

વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં હનીટ્રેપના મોટા કૌભાંડનો ભંડાફોડ થયો છે. શિનોર પોલીસે મુખ્ય આરોપી મહિલા સહિત ત્રણ આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓએ કાવતરું રચી ફરિયાદીને પ્રેમજાળમાં ફસાવી, વીડિયો અને ફોટા વાયરલ કરવાની તેમજ દુષ્કર્મના કેસમાં ફસાવવાની ધમકી આપી કુલ ૭૫ લાખથી વધુની રકમ પડાવી લીધી હોવાનું સામે આવ્યું છે.

શિનોર પોલીસ મથકે નોંધાયેલા હનીટ્રેપના ગુનામાં પોલીસે ઝડપી કાર્યવાહી કરતા ત્રણ આરોપીઓને પકડવાછે. તપાસમાં સામે આવ્યું છે કે આરોપી અનવર મનસુરી ઉર્ફે ટેલરે ફરિયાદીને આરોપી મનીષા ઉર્ફે શાંતાબેનનો મોબાઈલ નંબર આપ્યો હતો. ત્યારબાદ ફરિયાદી અને મહિલા આરોપી વચ્ચે સતત વાતચીત શરૂ થઈ હતી.

આરોપી મનીષા ઉર્ફે શાંતાબેને ફરિયાદીને પોતાની જાળમાં ફસાવી અલગ અલગ સ્થળોએ બોલાવી ટુકડે ટુકડે રૂપિયા પડાવ્યા હતા.ફરિયાદીને બદનામ કરવાની, વીડિયો અને ફોટા જાહેર કરવાની તેમજ દુષ્કર્મની ફરિયાદમાં ફસાવવાની ધમકીઓ આપી આરોપીઓએ કુલ ૭૫ લાખથી વધુની રકમ ઉઘરાવી હતી.

હાલ પોલીસે આરોપીઓના રીમાન્ડ મેળવી વધુ તપાસ શરૂ કરી છે કે આ ગેંગ દ્વારા અન્ય કોઈ લોકોને પણ શિકાર બનાવવામાં આવ્યા છે કે નહીં.પકડાયેલા આરોપીઓમાં (૧) શાંતાબેન ઉર્ફે મનીષાબેન ભુરાભાઈ દેસાઈભાઈ વસાવા (૨) અહેમદખા સિકંદરખા પઠાણ (૩) અક્ષયભાઈ પ્રતાપભાઈ વસાવાનો સમાવેશ થાય છે. આરોપી મનિષાબેન અને એહમદખા ના 22મી તારીખ સુધી રિમાન્ડ મળેલા છે અને આરોપી અક્ષય ભાઈ વસાવા ના રિમાન્ડ 18મી તારીખ સુધી ને મળેલા છે.

## 10 વર્ષની ઉજવણી નિમિત્તે રક્તદાન કેમ્પ "ઉપચારનો એક દાયકો: દાનનો એક દિવસ"



(પ્રતિનિધિ) વડોદરા, તા.16

ઉપચાર અને સેવા ક્ષેત્રે 10 વર્ષ પૂર્ણ થવાની ઐતિહાસિક ઉજવણી નિમિત્તે HCG Cancer Centre Vadodara દ્વારા "ઉપચારનો એક દાયકો: અને દાનનો એક દિવસ" શીર્ષક હેઠળ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ડોક્ટરો, નર્સો, હોસ્પિટલના સ્ટાફ, કર્મચારીઓ, દર્દીઓના પરિવારજનો તેમજ તેમના પરિવારના સભ્યો ઉત્સાહભેર જોડાયા હતા અને જીવન બચાવવાના આ મહાન કાર્યમાં પોતાનું યોગદાન આપ્યું હતું. કાર્યક્રમ માત્ર 10 વર્ષની સફળ યાત્રાની ઉજવણી ન હોતો, પરંતુ સમાજ પ્રત્યે આભાર વ્યક્ત કરવાની એક ભાવનાત્મક પહેલ હતી. રક્તદાન જેવા પુણ્ય કાર્ય દ્વારા HCG વડોદરાએ ફરી એકવાર માનવતા અને સેવા ભાવનાનો સંદેશ આપ્યો.

HCG વડોદરાની આ દસ વર્ષની યાત્રા માત્ર સારવાર સુધી સીમિત નથી, રક્તદાન કેમ્પ એ એકતા, કરુણા અને આશાનો જીવંત ઉદાહરણ બની રહ્યો. ગત દસ વર્ષોમાં HCG વડોદરાએ કેન્સર સારવાર ક્ષેત્રે પોતાની મજબૂત ઓળખ બનાવી છે, જેમાં નિષ્ણાત ડોક્ટરો અને આરોગ્યકર્મીઓની વિશાળ ટીમ સતત દર્દીઓને શ્રેષ્ઠ સેવા આપી રહી છે.

## નાનીરાસલી ગામેથી વધુ એક માદા દીપડી પાંજરે પુરાતા વિસ્તારના લોકોને રાહત

(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.16

પાવીજેતપુર તાલુકા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાઓનો આતંક સતત વધી રહ્યો છે, જેના કારણે સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો. આ દરમિયાન તાલુકાના નાની રાસલી ગામેથી વન વિભાગ દ્વારા ગોઠવવામાં આવેલા પાંજરામાં એક માદા દીપડી આબાદ ઝડપાઈ જતાં સ્થાનિક લોકોએ મોટી રાહત અનુભવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગત 14 મેની મોડી રાત્રે સસલાનો શિકાર કરવા જતાં દોઢ વર્ષનું એક દીપડાનું બચ્ચું અવાવરું કૂવામાં ખાબક્યું હતું. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ભારે જહેમત બાદ બચ્ચાનું સફળ રેસ્ક્યુ કરી તેનો જીવ બચાવ્યો હતો. જોકે, આ ઘટના બાદ પણ વિસ્તારમાં અન્ય દીપડાઓ સક્રિય હોવાની ગ્રામજનોએ વન વિભાગ સમક્ષ રજૂઆત કરી હતી.



ગ્રામજનોની રજૂઆત અને ભયને ધ્યાનમાં રાખીને વન વિભાગની ટીમે મોડી સાંજે સમગ્ર વિસ્તારનું નિરીક્ષણ કર્યું હતું.

**જાહેર નોટિસ** સુશ્રી સી.આર. પઢિયાર,મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કરજણની કોર્ટ

જન્મ મરણ/નોધણી/અરજી નં.૧૭૦ /૨૦૨૫

અરજદાર:- મહેશકુમાર ભાઈલાલભાઈ પટેલ
રહે બી-૧૦ સહજાનંદ સો, નવ નિર્માણ સ્કૂલની સામે, રાણીપ, અમદાવાદ
સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી
રોપા ગ્રામ પંચાયત તા.કરજણ જી.વડોદરા

જન્મ-મરણ નોધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટિસ આપી લગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી, મહેશકુમાર ભાઈલાલભાઈ પટેલનું જન્મ તા.02/05/1959 ના રોજ મોજે-રોપા, તા.કરજણ, જિ.વડોદરા મુકામે થયેલ,પરંતુ જે તે સમયે તેઓની જન્મની નોંધણી જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી રોપા ગ્રામ પંચાયતની કચેરીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે રજૂ કરવો, અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કરજણ**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

લગ્ન વિષયક

**કેનેડા, અમેરિકા સેટલ**
થવા માંગતી લગ્ન ઈચ્છુક કન્યાઓ વોટ્સએપ કરો 9727211122

**કર્ણાવતી મેરેજ બ્યૂરો**
બાયોડેટા આપી વિનામૂલ્યે વોટ્સએપ ગૃપ જોઈન્ટ કરો. યુવતીઓ માટે વિનામૂલ્યે વાતચીત. તમામ જ્ઞાતિના લોકલ, NRI આવકાર્ય. કાન્તિભાઈ વિકાણી ( નિવૃત્ત બેંક મેનેજર) M- 9409057024

**કન્યા જોઈએ છે**
પારસી યુવક ઉં 37 માટે યોગ્ય કન્યા પારસીને પ્રથમ પસંદગી- ક્ષત્રીય ઉચ્ચ જ્ઞાતીની માન્ય. દેવગઢબારીયા જી. દાહોદ. 9427077601/ 8141652090/ 6353108007.

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**મહાદેવ ટુર એન્ડ**
ટ્રાવેલ્સ. મીની વીરપુર, સુરત. અધિકમાં (હરિદ્વાર, વૃંદાવન), (ઉજ્જૈન, ઓમકારેશ્વર), (દ્વારકા, સોમનાથ). (શ્રીનાથજી , ખાટુશ્યામ) 7802062340 (97)

**ૐશિવ ટ્રાવેલ્સ**
અધિકમાં, 3- જૂન, હરિદ્વાર, ઋષિકેશ, ખાટુંશ્યામ, સાલાસર બાલાજી, સાવરિયા શેઠ. 19- મેં, કાશી વિશ્વનાથ, અયોધ્યા, પ્રયાગરાજ, ચિત્રકુટ) 13, 20, 27, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા , 21, 28, ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર. ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

વ્યવસાયીક ધંધાકીય

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

નોકરી વિષયક

**એક વ્યક્તિની રસોઈ**
બનાવા માટે બહેન સગરામપરા સુરતમા જોઈએ. 8849938284 (94)

**જોઈએ છે**
છોકરીઓ માટે P.G. માં રહેવા માટે દલાલ ભાઈઓ જોઈએ છે. મળો: ૯૮૨૫૦૫૫૨૪૯ (87)

**ભરૂચ ડી.સે.કો. બેંક**
રેલ્વે સ્ટેશન સામે ભરૂચમાં લીગલ ઓફિસરની એક જગ્યા ભરવા માટે LLB. સાથે પાંચ વર્ષનાં અનુભવીએ દિન- ૫ માં અરજી કરવી. ચેરમેન (89)

**ભાડાની Fix આવક**
થાય તેવા રોકાણકાર માટે જોલી આર્કેડ, ઘોડ દોડ રોડ પર મોકાની દુકાન વેચવાની છે.
551 + 400 SqFeet ની
Contact 9825522668

**વેસુ સ્થિત**
અદ્યતન ગાયનેક અને ઓર્થોપેડિક હોસ્પિટલ માટે અનુભવી તેમજ બિનઅનુભવી નર્સિંગ સ્ટાફની તાત્કાલિક જરૂર છે, આકર્ષક પગાર, રહેવાની સુવિધા ઉપલબ્ધ. ઈચ્છુક ઉમેદવારો પોતાનો બાયોડેટા નીચેના નંબર પર મોકલો અથવા સંપર્ક કરે, MO: 9825780213 8883666060

**ખેતીની જમીન વેચવાની છે**
ગામ: આમચક
તાલુકો : મહુવા
જિલ્લો: સુરત
કોન્ટેક્ટ નં. 9825006912

**અમારે સાફ સફાઈ**
થતા બાથરૂમ ધોવા માટે મહિલા કે પુરુષની જરૂર છે સમય સવારે 8 વાગેથી સાંજે 5 વાગે સુધી પગાર વ્યવસ્થિત આપીશું. મો. નં. 9429618212

**સુરત જિલ્લામાં**
દાવત કોલ્ડ્રીંક્સ માટે તાત્કાલિક ડિલિવરીમેન, ડ્રાઈવર કમ સેલ્સમેન જોઈએ છે. પગાર 20000 + કમિશન 8849726207

**વેચવાનું છે**
સુરતમાં કાપડિયા હેલ્થ ક્લબ પાસે, પ્રાઈમ લોકેશન પર 500 Sq.Ft. કાર્પેટ એરિયાની ઓફિસ વેચવાની છે. દરેક બિઝનેસ માટે અનુકૂળ.
સંપર્ક: 9724230670

મિલ્કત ભાડે -વેચાણ

**ભાડે/ વેચાણથી**
મજુરાગેટ રીંગરોડ ટચ ગ્રા. ફ્લોર નાની દુકાન ભાડે/ વેચાણથી ૯૮૨૫૧૨૦૨૦૯

મિલ્કત ભાડેથી

**3 BHK**
સેમી ફર્નિચર ફ્લેટ ભાડે આપવાનો છે. નવા બિલ્ડીંગમાં TP-14 પાલ, જૈન દેરાસર નજીક. 8320620099

મિલ્કત વેચવાની છે

**1 BHK ફ્લેટ**
વેચવાનો છે ફક્ત 5.50 લાખમાં. B-402, મહાવીર એપાર્ટમેન્ટ, ઘાંચીશેરી, આદિનાથ જૈન દેરાસરની પાછળ, દેસાઈ ફળિયાની બાજુમાં, કતારગામ, સુરત. સંપર્ક- 9265072843

**સૂરતમાં એરપોર્ટ**
મેઈનરોડ આગમ એમ્પોરિયમના પહેલા માળે દુકાન વ્યાજબી ભાવથી વેચવાની છે 9104614923 (96)

**બંગલો વેચવાનો છે**
૩૨૫ વાર ઘોડદોડ રોડ 9825109400

**પ્લોટ વેચવાનો છે**
530 વાર કોર્નર સીટીલાઈટ 9825109400

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*